# ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા
# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ – ભુજ કચ્છ. ફોન નં.: ૨૩૫ ૦૩૫
Email-coe@kskvku.ac.in web: kskvku.ac.in


રેફ: કયુ/પવિ/પૂ.પ./૨૦૨૫ તા : ૨૬/૦૫/૨૦૨૫

## <u>પરિપત્ર</u> :– ૧૯૮ (પુરક પરીક્ષા – ૨૦૨૫)

**વિષય :** જુન–જુલાઇ ૨૦૨૫ માં લેવાનારી પૂરક(સપ્લીમેન્ટરી) પરીક્ષાઓના આવેદનપત્રો તથા પરીક્ષા ફી અંગે.
**સંદર્ભ :** માનનીય કુલપતિશ્રી તા.૨૬/૦૫/૨૦૨૫ ના રોજ મેળલ મંજુરી અન્વયે.

આથી કચ્છ યુનિવર્સિટી સાથે સંલગ્ન તમામ વિદ્યાશાખા હેઠળની કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટી દ્વારા લેવાનારી આગામી પરીક્ષાઓ માટેના પરીક્ષાનાં ફોર્મ ભરી પરીક્ષાર્થીઓ દ્વારા યોગ્ય રીતે પૂર્ણ કરાવી જે–તે કોલેજના આચાર્યશ્રીઓએ પ્રમાણિત કરી, વિદ્યાર્થીઓની સંખ્યા અનુસાર **<u>કુલ સચિવ,કચ્છ યુનિવર્સિટીના નામનો ચેક (Atpar)</u>** મોકલી આપવા વિનંતી.

(૧) ડીજીટલ પ્રોજેકટમાં સમાવેલા વિદ્યાર્થીઓની ફી–ફોર્મ જમા કરાવવા આવે ત્યારે રૂ. ૨૫/– ફી જમા કરાવવાની રહેશે.

(૨) ફોર્મ ક્રમ અનુસાર ફાઈલમાં રાખી પરીક્ષા (WHOLE EXAM) ખંડ પરીક્ષા (PART EXAM) એ.ટી.કે.ટી (ATKT EXAM) એમ ત્રણ કેટેગરીમા વિષયવાર ગોઠવીને લાવવાના રહેશે તેજ પ્રમાણે CD અને હાર્ડકોપી ફોર્મ સાથે મોકલાવવાની રહેશે જેમા આચાર્યશ્રીના સહિસિકકા સાથે જમા કરવાના રહેશે.

(૩) ડીજીટલ યુનિવર્સિટી પ્રોજેકટમાં PRN/SP ID ધરાવતા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ આપની કોલેજ/ડીપાર્ટમેન્ટને આપવામા આવેલ વેબ લોગીન માંથી ડાઉનલોડ કરવાના રહેશે તથા આપને આપવામાં આવેલ સમય મર્યાદામાં લોગીન દ્વારા જ ઇનવર્ડ કરવાના રહેશે આ અંગેના હાર્ડ કોપી તથા સોફટ કોપી લોગીન માંથી કાઢી પરીક્ષા વિભાગને મોકલી આપવાની રહેશે.

(૪) CD કોમ્પ્યુટર વિભાગમા જમા કરાવવાની રહેશે ત્યારબાદ જ ફોર્મ સ્વીકારવામા આવશે.

(૫) જે વિદ્યાર્થીઓએ રી ચેકીગ/રી એસએસમેન્ટ માટે અરજી કરી હોય અને તેઓનું પરીણામ જાહેર ન થયું હોય તો તેવા કિસ્સામા ફોર્મ ભરવા માટે નિયત કરેલ તારીખમાં ફોર્મ ભરવાના રહેશે. રીએસએસમેન્ટના પરીણામ પછી છેલ્લી તારીખ ચાલી ગઈ હશે તો ફોર્મ સ્વીકારાશે નહી, જેની ખાસ નોંધ લેશો.

(૬) જે વિદ્યાર્થી ગેરરીતી આચરતાં પકડાયા હોય તેવા વિદ્યાર્થીઓએ પરીક્ષા શુદ્ધી સમિતિના નિર્ણય મુજબ જ પરીક્ષાના આવેદનપત્ર ભરાવવું તેમજ તેવા કિસ્સામાં સજા / પ્રવેશબંધીના જાહેરનામાની ઝેરોક્ષ નકલ આવેદનપત્રમાં સાથે અવશ્ય બીડવાની રહેશે. જે વિદ્યાર્થી ગેરરીતી આચરતા પકડાયા હોય અને તેવા વિદ્યાર્થીના કિસ્સામા અંતિમ નિર્ણય ન લેવાયો હોય ત્યાં સુધી કોઈપણ પરીક્ષાના આવેદનપત્રો સ્વીકારવા નહી.

(૭) પરીક્ષાના આવેદનપત્ર ન ભરનાર વિદ્યાર્થીને પરીક્ષામાં બેસવા દેવા નહિ, તેમ છતાં બારોબાર પરીક્ષામાં બેસવા દેવામા આવશે તો તેવા વિદ્યાર્થીઓના પરીણામ રદ કરવામા આવશે અને તે અંગેની તમામ જવાબદારી જે તે પરીક્ષા કેન્દ્ર સંચાલક / આચાર્યશ્રીની રહેશે.

(૮) વિદ્યાર્થીઓ તરફથી આવેદનપત્રોમાં જણાવેલ નામ વૈકલ્પિક તેમજ મુકિતના વિષયોનીવિગત ખરી જણાવી છે કે નહિ તેની ચકાસણી કોલેજ/વિભાગ કાર્યાલય તરફથી કરવામાં આવતી નથી જેને કારણે ઘણા વિદ્યાર્થીઓના નામમાં તથા વિષયોમા ભૂલો રહી જવા પામે છે તેમજ પરીણામમાં પણ પાછળથી ફેરફાર કરવા પડે છે અથવા અટકાવા પડે છે આવુ ન બને માટે આવેદનપત્રોની કોલેજ કક્ષાએ સંપૂર્ણ ચકાસણી આચાર્યશ્રીની દેખરેખ હેઠળ થાય તેવો આગ્રહ

રાખવામાં આવે છે. આમ છતાં પરીક્ષા પહેલા ભુલ માલુમ પડે તો તેની યાદી તાત્કાલીક પરીક્ષા નિયામકશ્રીને નામે મોકલી આપવી.પરીણામ જાહેર થયા બાદ માર્કશીટમાં સુધારા માટે માર્કશીટ દીઠ રૂ.૧૦૦/– લેવામાં આવશે.

(૯) આગામી જુન–જુલાઇ ૨૦૨૫ માં લેવાનારી જુદી જુદી લેખિત પરીક્ષાઓના કેન્દ્રો અંગે વિદ્યાર્થીઓએ પોતાની કોલેજના ફાળવેલ કેન્દ્ર માંથી જ પરીક્ષા આપવાની રહેશે  અન્ય કેન્દ્ર પર પરીક્ષા આપવાની જોગવાઈ નથી. આ બાબતે વિદ્યાથીઓનું ધ્યાન દોરવા વિનંતી છે. પ્રાયોગીક પરીક્ષાના સ્થળ અંગેની જાણ પાછળથી અલગ પરિપત્ર દ્વારા કરવામા આવશે.

(૧૦) વિદ્યાર્થી પરીક્ષા આપવા આવે ત્યારે આપેલ હોલ ટીકીટ/ઓળખપત્ર અને પરીક્ષા ફી રસીદ વિદ્યાર્થીએ સાથે રાખવાની રહેશે. આ નિયમ તરફ વિદ્યાર્થીઓનું ખાસ ધ્યાન દોરવા વિનંતી છે.

(૧૧) **બોર્ડ ઓફ મેનેજમેન્ટની મિટીંગના ઠરાવ મુજબ તા. ૧૬/૦૫/૨૦૨૪ ના પરિપત્ર નં: ૯૬ મુજબ આર્ટસ, સાયન્સ ફેકલ્ટીના ૨૦૧૧, ૨૦૧૨ પેટર્નો માટેના સેમેસ્ટર માટે પરીક્ષાની આ આખરી તક રહેશે.**

(૧૨) **પેટર્ન ૨૦૧૬, બી.કોમ/બી.બી.એ. ૨૦૧૧ પેટર્ન માટે વર્ષ ૨૦૨૭માં આખરી તક રહેશે.**

| ક્રમ | પરીક્ષાનું નામ<br>સ્નાતક ( યુ. જી.) | સેમેસ્ટર | કોર્ષ પેટર્ન | Reg./<br>Rep./<br>Ext. | પરીક્ષા ફોર્મ ફી<br>રૂ.૨૫/–<br>પરીક્ષા ફી | પરીક્ષા ફોર્મ<br>સ્વીકારવાની<br>તારીખ | પરીક્ષા ફોર્મ<br>રૂ.૧૦૦/–<br>લેઈટ ફી સાથે<br>સ્વીકારવાની<br>તારીખ | પરીક્ષા ફોર્મ<br>રૂ.૧૦૦૦/–<br>લેઈટ ફી સાથે<br>સ્વીકારવાની<br>તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | B.A. | 5 & 6 | 2011,<br>2012,<br>2016,<br>2017 | Rep./Ext. | નાપાસ /<br>પાર્ટ /<br>એ.ટી.કે.ટી<br><br>**250/-**<br>(પેપર દિઠ /<br>પ્રેક્ટીકલ/<br>વાયવા / કોડ<br>દિઠ) | **30/05/2025<br>to<br>12/06/2025** | **14/06/2025<br>to<br>16/06/2025** | **18/06/2025** |
| 2 | B.Com. | | | Rep./Ext. | | | | |
| 3 | B.Com.(Hons.) | | | Rep. | | | | |
| 4 | B.Sc. | | | Rep. | | | | |
| 5 | B.B.A. | | | Rep. | | | | |
| 6 | B.C.A. | | | Rep. | | | | |
| 7 | M.B.A.(Int.) | | | Rep. | | | | |
| 8 | M.Sc.(CA&IT) | | | Rep. | | | | |
| 9 | B.A. | 1 to 4 | 2011,<br>2012,<br>2016,<br>2017 | Rep./Ext. | | **03/06/2025<br>to<br>17/06/2025** | **20/06/2025<br>to<br>23/06/2025** | **25/06/2025** |
| 10 | B.Com. | | | Rep./Ext. | | | | |
| 11 | B.Com.(Hons.) | | | Rep. | | | | |
| 12 | B.Sc. | | | Rep. | | | | |
| 13 | B.B.A. | | | Rep. | | | | |
| 14 | B.C.A. | | | Rep. | | | | |
| 15 | M.B.A.(Int.) | | | Rep. | | | | |
| 16 | M.Sc.(CA&IT) | | | Rep. | | | | |

૧. **જે વિદ્યાર્થીનું આ વર્ષે સ્નાતકની પદવી (બેચલર ડિગ્રી) પૂર્ણ થતી હોઇ તેઓને જ આ પૂરક પરીક્ષાનો લાભ મળી શકશે.**

૨. આ પૂરક પરીક્ષાનું આયોજન માત્ર તેવા વિદ્યાર્થીઓ માટે કરવામાં આવે છે કે, જેમના સ્નાતક કક્ષાએ **૧ થી ૬ (સી.બી.સી.એસ.) સેમેસ્ટરમાં** **કોઇપણ વિષયમાં નાપાસ / પાર્ટ / એટીકેટી** આવેલ હોય.

૩. સેમેસ્ટર ૧ થી ૬નાં **તમામ વિષયમાં** થયેલ **નાપાસ / પાર્ટ / એટીકેટીના** વિદ્યાર્થી આ પુરક પરીક્ષામાં ફોર્મ ભરી શકશે.

૪. સંલગ્ન વિભાગ/કોલેજ દ્વારા ફોર્મ સાથે સેમેસ્ટરની **નાપાસ / પાર્ટ / એટીકેટી માર્કશીટ ફોર્મ સાથે જોડવાની** રહેશે.

૫. પરીક્ષા ફોર્મ જે તે **વિભાગ/કોલેજ ખાતેથી ફોર્મ ભરવાના અને ઇન્વર્ડ** કરવાના રહેશે.

૬. પરીક્ષા ફોર્મ,ઇન્વર્ડ રીપોર્ટસ, સેમેસ્ટરની નકલ, ફી ચલણ વગેરે જરૂરી દસ્તાવેજો **રૂમ.નંબર:૧૦૮** – પરીક્ષા વિભાગ,કચ્છ યુનિવર્સિટીમાં **તારીખ પૂર્ણ થયાનાં દિન – ૨(બે)નાં** સમયમર્યાદામાં જમાં કરાવવાના રહેશે.

૭. સેમ. ૧ થી ૬ માં **પ્રેકટીકલ / વાયવા / આંતરીક પરીક્ષામાં** નાપાસ/પાર્ટ/એટીકેટી હોય તેવા વિદ્યાર્થીને પરીક્ષાના માળખા મૂજબ માર્કસ **વિભાગ/કોલેજ દ્વારા પરીક્ષા લેવાની અને પોર્ટલ પર એન્ટ્રી પરીક્ષા પૂર્ણ થયાના દિન – ૨ માં ફરજીયાત કરવાની** જવાબદારી રહેશે.

૮. આંતરીક પરીક્ષા માટે ફોર્મ અને ફોર્મ ફી ભરવી અનિવાર્ય છે. જે તે વિષયની પેપરદીઠ ફી ભરવાની રહેશે નહિ.

૯. આ પૂરક પરીક્ષામાં **પુનઃમૂલ્યાંકન/ગુણ ચકાસણીની** અરજી કરવામાં આવશે નહીં.

૧૦. **કોપી કેસના વિદ્યાર્થીઓ** અનુસંધાને જે તે વિદ્યાર્થી ને આપેલ સજા મુજબ ફોર્મ સ્વીકારવામાં આવશે. કોપીકેસના વિદ્યાર્થી લિસ્ટ કચ્છ યુનિવર્સિટી વેબસાઇટ પર ઉપલબ્ધ છે. જે ચકાસણી કરી ફોર્મ ભરાવવા વિનંતી.

૧૧. જે વિદ્યાર્થીએ **રી–ચેકિંગ/રી–એસેસમેન્ટ** ફોર્મ ભરેલ હોય તે આ પૂરક પરીક્ષામાં ફોર્મ ભરી શકશે.

૧૨. **વિભાગ/કોલેજ દ્વારા ફરજીયાત એક સેમેસ્ટર માટે એક જ ફી ચલણ જનરેટ કરવા જણાવવામાં આવે છે.**

૧૩. પરીક્ષા ફોર્મ વિભાગ/કોલેજ દ્વારા **જવાબદાર વ્યકિત સાથે રૂબરૂમાં જ સ્વીકારવામાં** આવશે. કુરિયર કે કોઇ વ્યકિત સાથે સ્વીકારવામાં આવશે નહિ.

૧૪. આ પૂરક **પરીક્ષા માટે સેન્ટર** કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ રહેશે.

૧૫. આપના **કોલેજ/વિભાગના ઓલ્ડ પેર્ટનના** વિદ્યાર્થીઓને ખાસ વ્યકિતગત રીતે જાણકરી આ પુરક પરીક્ષા સંદર્ભે ફોર્મ ભરાવવા યોગ્ય કરશો.

ઉપરોકત બનતી હોઇ એવી કોઇ પણ સ્થિતિમાં ઓલ્ડ પેર્ટન માટે આખરી તક રહેશે. **વિભાગ/કોલેજ દ્વારા રવાનગી પત્ર પર નીચે મુજબનો કોષ્ટક બનાવવાનો રહેશે.**

| ક્રમ | કોર્ષ | સેમેસ્ટર | પેર્ટન | પેપર કોડ | વિદ્યાર્થીની સંખ્યા | રીમાકર્સ |
|---|---|---|---|---|---|---|
| ૧ | બી.એ. | ૧ | ૨૦૧૧ / ૨૦૧૬ | CCGJ101 | *** | |

## પૂરક પરીક્ષાની સંભવિત તારીખઃ

- ❖ સેમ. ૫ અને ૬ :: તા. ૨૦/૦૬/૨૦૨૫
- ❖ સેમ. ૧ થી ૪ :: જુલાઇના પ્રથમ અઠવાડીયામાં

**પરીક્ષા નિયામક**
**કચ્છ યુનિવર્સિટી,ભુજ**

**નકલ રવાના :–**

૧. કુલપતિશ્રીની જાણ સારૂ તરફ
૨. કુલસચિવશ્રીની જાણ સારૂ તરફ
૩. અધ્યક્ષશ્રી/આચાર્યશ્રી, સંલગ્ન તમામ વિભાગ/કોલેજ તરફ અમલવારી સારૂ
૪. સિસ્ટમ ઇન્જીનીયર તરફ અમલવારી સારૂ
૫. વિધાર્થી શાખા તરફ અમલવારી સારૂ